THE GUJARAT INSTITUTE OF™ CIVIL ENGINEERS & ARCHITECTS
ESTD. : 1947

SOCIAL SECURITY SCHEME OF GICEA
ESTD. : 1994

Nirman Bhavan, Opp. Law Garden, Ellisbridge, Ahmedabad - 380 006. Phone: 2656 5935, 2970 3995, Email: gicea2012india@gmail.com, Web.: www.gicea.org

**Circular No. : 26/2019-20** **Dt. 15-02-2020**

**જી.આઈ.સી.ઈ.એ. અને સોશ્યલ સિક્યુરીટી સ્કીમ ઑફ જી.આઈ.સી.ઈ.એ.**ના સર્વે સભ્યોને જણાવતા આનંદ થાય છે કે આપણે ગત વર્ષે સભ્યોના લાભાર્થે એક ખાસ **"ગ્રુપ મેડીક્લેઈમ પોલીસી"**નું આયોજન કરેલ હતું.જેનો અંદાજે ૪૦ જેટલાં સભ્યોએ વર્ષ દરમિયાન બિમારીની સારવાર માટે ઉપયોગ કર્યો હતો અને તેઓએ કરેલા ક્લેઈમના આશરે રૂા. ૩૨ લાખની રકમ ખૂબ જ ટૂંક સમયમાં મળી ગયેલ છે.

આ વર્ષે પણ બન્ને સંસ્થાના સભ્યોના લાભાર્થે આ **"ગ્રુપ મેડીક્લેઈમ પોલીસી"**ને ફરીથી રજૂ કરીએ છીએ. જેનાથી સભ્યોને માંદગી/બિમારીના ખર્ચા સામે વધારે ને વધારે નાણાંકીય સહાય મળી રહે. આ મેડીક્લેમ પોલીસી અંતર્ગત સભ્યોને નીચેના લાભો મળશે.

૧. **આ ગ્રુપ મેડીક્લેઈમ પોલીસીનો લાભ ૮૫ વર્ષની ઉંમર સુધીના સભ્યો લઈ શકશે.**

(ક) જે સભ્યો પાસે અત્યારે કોઈ મેડીક્લેઈમ પોલીસી હોય કે ન હોય તે સર્વેને કવરેજ મળશે. (ખ) આ મેડીક્લેઈમ પોલિસી એક વૈકલ્પિક પોલિસી તરીકેનો લાભ આપશે. આપની હયાત પોલીસી કે આ નવી મેડીક્લેઈમ પોલીસી બેમાંથી કોઈના પણ ઉપર આપ ક્લેઈમ કરી શકશો. પ્રથમ આ પોલિસી ઉપર ક્લેઈમ કર્યા બાદ તેથી ઉપરાંતની રકમનો ક્લેઈમ તમારી અંગત પોલિસી ઉપર કરી શકશો. (ગ) આ પોલિસી એક ટૉપ-અપ પોલિસી તરીકે પણ કામ કરશે. એટલે સભ્યશ્રીની જે હયાત પોલીસીની રકમ હશે તેના ઉપરાંત આ પોલિસીની રકમ ગણાશે. દા.ત. સભ્યની રૂા. ૫ લાખની હયાત પોલીસી હોય તો આ નવી મેડીક્લેઈમ પોલીસીની રૂા. ૩ લાખની પોલિસીની રકમ લઈને કુલ રૂા. ૮ લાખનું કવરેજ મળશે. (ઘ) આ Family Floater પોલિસી નથી.

૨. **ઉંમરના કોઈપણ બાધ વગર આ પોલિસીમાં "Existing Diseases" પહેલા દિવસથી કવર થશે.**

૩. **આ વર્ષ માટે દરેક સભ્યે નીચે મુજબનું પ્રીમીયમ ભરવાનું રહેશે. (રૂા. ૩ લાખની પોલીસી માટે)**

| ઉંમર વર્ષ | પ્રીમીયમ રૂા. પ્રતિ વર્ષ | ઉંમર વર્ષ | પ્રીમીયમ રૂા. પ્રતિ વર્ષ |
|---|---|---|---|
| upto ૩૫ સુધી | રૂા. ૩૦૫૦/- | ૫૬-૬૦ સુધી | રૂા. ૧૦૭૬૦/- |
| ૩૬-૪૫ સુધી | રૂા. ૩૨૩૦/- | ૬૧-૬૫ સુધી | રૂા. ૧૪૩૩૦/- |
| ૪૬-૫૦ સુધી | રૂા. ૫૩૭૦/- | ૬૬-૮૦ સુધી | રૂા. ૨૦૨૦૦/- |
| ૫૧-૫૫ સુધી | રૂા. ૮૧૫૦/- | ૮૧-૮૫ સુધી | રૂા. ૨૫૨૦૦/- |

સદર "ગ્રુપ મેડીક્લેઈમ પોલીસી"માં જી.આઈ.સી.ઈ.એ. તેમજ સોશ્યલ સિક્યુરીટી સ્કીમ ઑફ જી.આઈ.સી.ઈ.એ.ના મેમ્બર્સ અને તેમના સ્પાઉસ વ્યક્તિગત રીતે જોડાઈ શકશે. (તા. ૦૧-૦૪-૨૦૨૦ના રોજ પુરા થયેલ વર્ષ મુજબ ઊંમર ગણવી.) **ઉંમર ૮૫ વર્ષ પૂરાં ન થયા હોય તેવી વ્યક્તિ જ જોડાઈ શકશે.**

૪. પ્રીમીયમનું કલેક્શન સંસ્થા કરશે. ઈન્શ્યોરન્સ કંપની દરેક સભ્યને કેશલેશ ટ્રીટમેંટ માટેનું કાર્ડ આપશે જેમાં સંલગ્ન હોસ્પીટલોની વિગત હશે. તેમ છતા સભ્યશ્રી કોઈ અન્ય હોસ્પીટલમાં સારવાર લેશે તો પણ તેઓ જો ઈન્શ્યોરન્સ કંપનીને ક્લેઈમના કાગળો સુપ્રત કરશે તો શક્ય હશે તો ઈન્શ્યોરન્સ કંપની તેમને નિયમાનુસાર ડાયરેક્ટ ક્લેઈમ ચૂકવશે.

૫. અમારી પાસેની માહિતી મુજબ મેડીક્લેઈમનું પ્રિમીયમ ઈન્કમટેક્ષની કલમ ૮૦-ડી અંતર્ગત કરમુક્ત (કાયદાનુસાર) છે. પરંતુ ગ્રુપ ઈન્સ્યોરન્સ સ્કીમ હોવાથી મળવાપાત્ર નથી. આ અંગે જી.આઈ.સી.ઈ.એ. તેમજ સોશ્યલ સિક્યોરીટી સ્કીમ ઑફ જી.આઈ.સી.ઈ.એ.ની અન્ય કોઈપણ પ્રકારની કે કાયદાકીય જવાબદારી રહેશે નહીં.

૬. **આનું અમલીકરણ તા. ૧૫-૦૪-૨૦૨૦ થી થાય તેવું આયોજન કરેલ છે. જેથી તમામ સભ્યોએ આ વર્ષ માટેનું તેમનું પ્રીમીયમનું ચુકવણુ સંસ્થામાં તા. ૧૫-૦૩-૨૦૨૦ પહેલા ચેક અથવા ડીડી દ્વારા કરવાનું રહેશે. પૂરતી સભ્ય સંખ્યા થશે તો આ પોલિસીનું અસરકારક અમલીકરણ થઈ શકશે. આથી સર્વે સભ્યમિત્રોને આ પોલિસીમાં સત્વરે જોડાવા આગ્રહ ભરી વિનંતી છે.**

૭. **દરેક સભ્યોએ સત્વરે તેમને લાગુ પડતી ઉંમર મુજબના પ્રીમીયમનો ચેક, તેમનાં આધાર કાર્ડની નકલ અને પાનકાર્ડની નકલ ઉંમર અને સરનામાંનો પૂરાવો મળી રહે તે માટે ચેક સાથે સંસ્થામાં (આયેશાબેન પટેલ)ને સમયસર પહોંચતા કરવા.**

૮. **પેમેન્ટ A/C. Payee ચેક થકી કરવા વિનંતી. ચેક પાછળ FLM નંબર અથવા SSS નંબર અને મોબાઈલ નંબર લખવો.**

૯. **ચેક પર સંસ્થાનું નામ તેમજ તારીખ ન લખવા વિનંતી.**

૧૦. **સદર પોલીસીમાં આંખના મોતિયાના ઓપરેશન માટે Claim Limit રૂા.૨૪૦૦૦ની છે. તે સિવાય બીજી અન્ય કોઈ CAPS: Limit નથી.**

૧૧. **(ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ)ની આ પોલીસીના વિમેદાર સભ્યોને ક્લેઈમના procedure માટે TPA મારફતે designated વ્યક્તિ સપોર્ટ કરશે.**